# ઈસનપુર મોટા પ્રાથમિક શાળામાં પ્રવેશ ઉત્સવની ઉજવણી કરાઈ


તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામે આવેલી ઈસનપુર મોટા પ્રાથમિક શાળામાં જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ - ૨૦૧૨ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત આમંત્રિત મહેમાનો દ્વારા દાનનો અવિરત પ્રવાહ ચાલુ થયો હતો. ગામના સરપંચ રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ, જિલ્લા ભાજપના એ.ટી.વી.ટી. કન્વીનર રમેશભાઈ પટેલ, રાજુભાઈ રામાભાઈ પટેલ તથા આચાર્યા જાગૃતિબેન સાથે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઓમ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ડીરેક્ટર ગિરીશભાઈ ઓચ્છવલાલ રાવલે ગામની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને નોટબુક તથા ચોપડાઓનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. રાજુભાઈ રામાભાઈ પટેલે ધોરણ-૧ના તમામ બાળકોને દફતર ભેટ આપ્યા હતા. કલેક્ટર તથા જિલ્લા પશુપાલન અધિકારી અને ગામ આગેવાનોએ ગામની સગર્ભા માતાઓ તથા બાળકોની કુપોષણની સમસ્યાઓની ચિંતા વ્યક્ત કરી હતી. કલેક્ટરના માર્ગદર્શનથી ગામના સરપંચ, તલાટી, હોસ્પિટલના મંત્રી, રામચંદ્રભાઈ પટેલ તથા આગેવાનોની એક સમિતિની રચના કરવામાં આવી હતી અને વર્ષ દરમિયાનનું એક આયોજન કરી ગામમાં એક વર્ષ કુપોષણની સમસ્યા ઉકેલની દિશામાં સારા પરિણામો આવશે તેવી ખાતરી આપી હતી. ગામના સરપંચ રમણભાઈ પટેલ તરફથી તમામ બાળકોને તથા મહેમાનો, ગ્રામજનોને સુખડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. પ્રાથમિક વિભાગના આચાર્ય ભરતભાઈ રાવલે સૌ મહાનુભાવોની આભારવિધિ કરી વૃક્ષારોપણ કરાવ્યું હતું.

# ઝૂંપડપટ્ટીની સમસ્યાથી નિજાત મેળવવા સૅક્ટર-૬ ખાતે આજે નાગરિકોની બેઠક

## શહેરને સુંદર બનાવવા માગતા અને ઝૂંપડપટ્ટીનું દૂષણ દૂર કરવા માગતા સર્વ નગરજનોને ઉપસ્થિત રહેવા સે. ૬ સંઘર્ષ સમિતિ દ્વારા અપીલ

ગાંધીનગર, તા. ૨૩

દેશની વસતીની માફક શહેરમાં કૂદકે ને ભૂસકે વધી રહેલી ઝૂંપડપટ્ટી સામે આખરે શહેરના સૅક્ટર-૬ દ્વારા મોરચો માંડી દેવામાં આવ્યો છે. સૅક્ટર-૬ ખાતે તાજેતરમાં મળેલી વસાહતીઓની બેઠક પછી સૅક્ટર-૬ સંઘર્ષ સમિતિની રચના કરવામાં આવી હતી, જેના દ્વારા અન્ય વસાહતીઓ, નગરજનો અને સંસ્થાઓ સાથે એક બેઠકનું આયોજન રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

સંઘર્ષ સમિતિના પ્રમુખ કિશનભાઈ બ્રહ્મભટ્ટે આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે, ગાંધીનગર શહેરની મોટી સમસ્યા એવી વકરતી જતી ઝૂંપડપટ્ટી અને તેમાં વસતા લોકોની છે. જેમના કારણે સુંદર ગાંધીનગર હવે દુર્ગંધ ગાંધીનગર બની ગયું છે. જવાબદાર કહેવાતા તંત્રએ આ બાબતે આજદિન સુધી કોઈ પગલાં લીધાં નથી. અને આ બદીને કારણે વારંવાર ઘરફોડ ચોરી, પૅટ્રોલ ચોરી, કાર-ટેપ ચોરી, નાગરિકો પર હૂમલા જેવાં દૂષણો વધી રહ્યાં છે. આવા સમયે જાગૃત નાગરિકે આગળ આવવાનો સમય પાકી ગયો છે.

ગાંધીનગર શહેરને સુંદર અને ભયમુક્ત કરવાના હેતુસર તા. ૨૪ જૂન ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સૅક્ટર-૬ બી ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત રહેવા સૅક્ટર-૬ અને ૭ ઉપરાંત અન્ય સૅક્ટર્સના વસાહતીઓ, સેવાભાવી નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યોને અપીલ કરવામાં આવી છે. શહેરને સુંદર બનાવવા માગતા અને ઝૂંપડપટ્ટીનું દૂષણ દૂર કરવા માગતા સર્વ નગરજનોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા સંઘર્ષ સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# શેરથા પાસે દારૂ-બિયર ભરેલી ઈન્ડીકા સાથે બે ઝડપાયા

## પોલીસે ૪.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : દારૂનો જથ્થો હારીજથી અમદાવાદ લઈ જવાતો હતો

ગાંધીનગર, તા.૨૩

એલ.સી.બી. પોલીસે મળેલી બાતમીના આધારે આજે અડાલજ-શેરથા-ટોલટેક્ષ પાસે વોચ ગોઠવી વિદેશી દારૂ ભરીને જતી ઈન્ડિકા કારને ઝડપી લીધી હતી. પોલીસે વિદેશી દારૂની ૧૧૭૯ નંગ બોટલો સાથે રૂ. ૪.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓની વધુ પુછતાછ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ.જે. સોલંકી તેમજ સ્ટાફના પોલીસ કોન્સ્ટેબલ વિપુલભાઈ, હેડ કોન્સ્ટેબલ કાનજીભાઈએ બાતમીના આધારે આજે અડાલજ શેરથા ટોલટેક્ષ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પસાર થતી ઈન્ડિકા કાર નં. જી.જે. ડબલ્યુ-૧-એ.એફ. ૬૭૮૪ની આગવી તપાસ કરતા કારમાં વિદેશી દારૂ તેમજ બિયરની ૧૧૭૯ બોટલો મળી આવી હતી. પોલીસે આરોપી પન્નાલાલ નારાયણલાલ ચૌધરી (રહે. નરોડા અમદાવાદ) તેમજ મનોજ બાબુલાલ મીણા (રહે. નરોડા) ને ઝડપી લઈ રૂ. ૧.૩૭ લાખના દારૂના જથ્થા સાથે કુલ રૂ. ૪.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીઓની પૂછતાછના અંતે દારૂનો આ જથ્થો હારીજથી અમદાવાદ લઈ જવામાં આવતા હોવાનું પણ પોલીસને માલુમ પડયું છે. આ મામલે દારૂનો જથ્થો સપ્લાઈ કરનાર રાજસ્થાનના વોન્ટેડ આરોપી ચંદનરામ પ્રજાપતિને ઝડપી લેવા પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સ્ટેમ્પ પેપર સમયસર નહિ મળતાં સર્જાતી ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૨૩

નોન જયુડીશિયલ, જયુડીશિયલ સ્ટેમ્પ પેપર, કોર્ટ ફી લેબલ, એગ્રીમેન્ટ, નૉટરી લેબલ વગેરેનું વિતરણ ટ્રેઝરી તરફથી સ્ટેમ્પ વેન્ડરો નોટરીને કરવામાં આવે છે.

પરંતુ છેલ્લા કેટલાય સમયથી સંકલનના અભાવે ગાંધીનગર શહેર ગ્રામ જનતા તેમજ ગુજરાતમાંથી આવનાર નાગરિકોને સમયસર સ્ટેમ્પ પેપર મળી શકતા નથી. પરિણામે દરેક કામમાં ખુબ જ મુશ્કેલી ઊભા થાય છે, અનેક પ્રશ્ને ઉપસ્થિત થાય છે. ટ્રેઝરી કચેરી તરફથી જિલ્લાની જરૂરિયાત પ્રમાણે સ્ટેટમેન્ટ મોકલીને માગણી કરવામાં આવે છે. તે મુજબ ડેપ્યુટી કલેકટર સ્ટેમ્પ ડયુટી મારફત અમદાવાદમાં આવેલ સ્ટેમ્પ ડેપોમાંથી જિલ્લા ટ્રેઝરી કચેરીને સ્ટેમ્પ પેપરો આપવામાં આવે છે. જે લાવવામાં દરેક વખતે વિલંબ થાય છે. તો આ અંગે જરૂરી સંકલન કરીને તાકીદે લાવવાની ગોઠવણી કરવી જરૂરી છે. સ્ટૉક હોલ્ડીંગ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાને ઈ - સ્ટેમ્પીંગની કામગીરી આવેલ છે. પરંતુ સદર કંપની રૂા. ૫૦૦/- થી ઉપરના મોટા સ્ટેમ્પમાં રસ છે. નાના સ્ટેમ્પ આપવાની આનાકાની કરે છે. છૂટાછેડા કોર્ટ સમાધાન અંગે સ્ટેમ્પ આપવાની સ્પષ્ટ ના પાડવામાં આવે છે. ઈ-સ્ટેમ્પીંગ ફેકીંગ કરતાં સ્ટેમ્પ પેપરનું મહત્ત્વ જાહેર જનતામાં લોકો કંપનીઓનાં વધારે છે. સ્ટેમ્પ પેપર મુશ્કેલીઓની રજૂઆત ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ શ્રી કેશરીસિંહ બિહોલાએ મહેસૂલ સચિવશ્રીને લેખિત ઉગ્ર રજૂઆત કરેલ છે.

# સે. ૭માં યુવતિએ દાદીના ઘરે ગળે ફાંસો ખાતાં ચકચાર

ગાંધીનગર, તા.૨૩

સે-૭માં ૧૮ વર્ષીય યુવતિએ આજે અગમ્ય કારણોસર ઘરે પંખે લટકી આત્મહત્યા કરતા સેકટરમાં ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૩૦માં ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નં. ૭૧માં રહેતા અજયભાઈ ઠાકોરલાલ ગાંધીની પુત્રી મિતાલી (ઉ.વ.૧૮) આજે તેના દાદીના ઘરે સે-૭ પ્લોટ નં. ૨૭૫/૧ ખાતે આવી હતી. આ દરમિયાન યુવતિએ કોઈ અગમ્ય કારણોસર પંખે લટકી આત્મત્યા કરી હતી. બનાવ સંદર્ભે સે-૭ પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. યુવતિએ કેમ આ પગલું ભર્યું તે અંગે હજુ કોઈ કારણ જાણવા મળ્યું નથી. સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. યુ.બી. બારોટે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં ઘરફોડ ચોરીના બે બનાવ ચાંદીના દાગીના-વાસણોની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં ઘરફોડ ચોરીના બે બનાવોમાં ચોર ઈસમોએ બારીની ગ્રીલ અને મુખ્ય દરવાજાનું તાળું તોડી સે-૧ તેમજ ન્યુ ગાંધીનગરની ઈન્દ્રધનુષ સોસાયટીના મકાનમાંથી રૂ. ૭૫ હજારની મત્તાની ચોરી કરી હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૧માં પ્લોટ નં. ૩૪૬માં રહેતા ચંદ્રીકાબેન કાનજીભાઈ ચુડાસમાના મકાનમાં ગત રાત્રિ દરમિયાન મકાનની બારીની ગ્રીલ તોડી ચોર ઈસમો અંદર પ્રવેશ્યા હતા. તસ્કરોએ મકાનની અંદરથી ચાંદીના વાસણો સહીત રૂ. ૪૮ હજારની મત્તાની ચોરી કરી હતી. આ બનાવ સંદર્ભે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પી.એસ.આઈ. સી.કે. ખરાડીએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે ચોરીના અન્ય એક બનાવમાં ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં સ્થિત ઈન્દ્રધનુષ સોસાયટીના વિભાગ નં.૧માં બ્લોક-૨માં ગતરાત્રિએ તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ચોર ઈસમોએ ર. ૨૦ હજારની રોકડ સાથે સોના-ચાંદીના દાગીના સહીત રૂ. ૨૭ હજારની મત્તાની ચોરી કરી હતી. આ અંગે વિજસિંહ દિલીપસિંહ ગોહીલે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૦

## તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૦૦
ગેન્ગ ઓફ વસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦
ફરારી કી સવારી : ૪.૦૦
તેરી મેરી કહાની : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ગેન્ગ ઓફ વસાઈપુર : ૧૦.૦૦
ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ગેન્ગ ઓફ વસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ગેન્ગ ઓફ વસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ભારત મુક્તિ મોરચા દ્વારા સામાજિક કાર્યક્રમ, સાંજે ૬ કલાકે
- ગાંધીનગર શહેરી વિભાગ પ્રાથમિક સરકારી સામાન્ય સભાનું આયોજન, સાંજે ૬-૩૦ કલાકે

### ટાઉન હોલ

- ગાંધીનગર જિલ્લા પ્રજાપતિ સમાજ દ્વારા ગુજરાત રાજય પ્રજાપતિ યુવક-યુવતીઓ માટે પસંદગી મેળાનું આયોજન ટાઉન હોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે રાખેલ છે.

## આપની આજ

**મેષ** : દિવસ પ્રગતિકારક બની રહે. બુદ્ધિ, તર્ક અને વિચાર શક્તિનો સદુપયોગ તમારા જીવનમાં સકારાત્મક પરિણામ પ્રદાન કરશે. સંતાનના કાર્યોથી સામાજિક પ્રતિષ્ઠામાં આવી શકે છે.

**વૃષભ** : રાજકારણીય કાર્યમાં સફળતા મળી શકે છે. નિકટના સંબંધીઓની ઉન્નતિથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં ઈચ્છિત સ્થાનાંતરણ મળી શકે છે.

**મિથુન** : બધી દિશાથી શ્રેષ્ઠ પરિણામ આવી શકે છે. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ આવી શકે છે. નવી પ્રસ્તાવ મનમાં ઉત્સાહ ઉત્પન્ન કરશે. યશ, માન, પ્રતિષ્ઠા, વૃદ્ધિમાં વધારો થઈ શકે છે. જીવનસાથીનું આરોગ્ય સારું રહેશે.

**કર્ક** : લાંબી યોજનાઓનું અમલીકરણ નહીં થાય. તેથી તેનાથી દૂર રહો માનસિક અસ્થિરતા તમારા ખર્ચાઓમાં વૃદ્ધિ કરી શકે છે. વ્યાપારમાં મુશ્કેલીઓ આવવાથી નુકશાન થવાની આશંકા છે.

**સિંહ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક થઈ શકે છે. વ્યાપારમાં નવીન કરાકો પર કાર્ય આજે પ્રારંભ ન કરો. પોતાની વસ્તુઓને સંભાળીને રાખો. ઈશ્વરમાં રૂચી વધશે.

**કન્યા** : કાર્યની સફળતાને કારણે તમારા યશ અને સંબંધોમાં વધારો થશે. ગૃહસ્થજીવનનો પૂર્ણ સહયોગ મળી શકશે. વ્યપારમાં નવી યોજનાઓનો શુભારંભ તમારી દ્વારા થવાની સંભાવના છે.

**તુલા** : શત્રુઓ પર વિજયકારક યોગ તમને યશ અને સમ્માન અપાવશે. વિપરીત પરિસ્થિતિમાં પણ તમે પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકશો. વ્યાપારિક અથવા અંગત કાર્યથી સુખદ યાત્રા થઈ શકે છે.

**વૃશ્ચિક** : ઉચ્ચ કોટીનું કૌટુંબિક સુખ પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સ્ત્રોત મળશે. સ્થાયી મિલકતના કાર્યમાં સફળતા મળી શકે છે. બીજાની ટીકા કરવાથી તમારી છબી ખરાબ થઈ શકે છે.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકે છે. આરોગ્ય સારું રહી શકે છે. આવકથી વધારે ખર્ચ ન થાય તેની કાળજી રાખવી. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. ઈશ્વરમાં અસ્થાવધશે.

**મકર** : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થતો જણાય. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર વધશે.

**કુંભ** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ શકશે. વ્યપારમાં નવા અને લાભદાયક કરાર થશે. મોટા અને પ્રખ્યાત વ્યકિતથી મળવાનું થઈ શકે છે.

**મીન** : વ્યાપારમાં લાભકારી પરિવર્તન થઈ શકે છે. જીવનસાથીના આરોગ્ય પર ધ્યાન આવશ્યક છે. મનોવિનોદની તક મળશે. માંગલિક સમારંભોમાં ભાગ લઈ શકશો.

## ચિરવિદાય

- સ્વ. નવનીતભાઈ રતનસિંહ પરમાર (ઉ.વ.૭૫) રહે, સે-૬, પ્લોન નં.૪૨૧/૧, ગાંધીનગર
- સ્વ.ચેલાજી નેમાજી ઠાકોર (ઉ.વ.૩૫) રહે, મુ. રાધેજા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. કાંતિલાલ સોમાભાઈ સિંગાલ (ઉ.વ.૫૮) રહે, પ્લોન નં.૯૪૭, સે-૨૭, ગાંધીનગર.

# જે કામ અમે ૨૮ વર્ષમાં ન કરી શક્યા એ કામ અમારી પૂત્રવધુએ માત્ર ૪ વર્ષમાં કરી બતાવ્યું છે

## નણંદની આંખોમાં ભાભી ખૂંચે ને ભાભીના ઘરમાં નણંદ ભારે પડે એવા આ જમાનામાંય ભાભી બિન્દા સ્પેશિયલ વ્યક્તિ એવા પોતાનાં નણંદ પ્રિતીબેનની સંભાળ મા કરતાંય અદકેરી રીતે રાખે છે



સંબંધ સજાવે જિંદગી

**વધૂ વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

*સેવા, સંસ્કાર અને માનવતાની સુવાસ જોયા પછી હવે એવું લાગે છે કે આ શહેર એ પુણ્યશાળીઓનું શહેર છે ! ગાંધીનું નામ એની સાથે જોડાયું છે એ કારણ હશે કે બીજું કંઈ ? કોને ખબર !*

*આજે જ્યારે નણંદની આંખોમાં ભાભી ખૂંચી રહી છે અને ભાભીના ઘરમાં નણંદ ભારે પડી રહી છે ત્યારે ગાંધીનગર શહેરમાં એક સંસ્કારી માતા-પિતાની એવી દીકરી વહુ બનીને આવી છે જેણે વિશિષ્ટ વ્યક્તિ એવી પોતાની નણંદને મા કરતાંય અદકેરો સ્નેહ આપ્યો છે ને તેને એક જવાબદાર વ્યક્તિ બનાવવાના સઘળા પ્રયાસો પણ કર્યા છે.*

*બિન્દા નામ છે આ સંસ્કારી દીકરીનું, જેનું પિયર છે : લખતર, સુરેન્દ્રનગર, એ છેલ્લાં ચાર વર્ષથી સૅ. ૭ બી, ગાંધીનગરમાં વધૂ થઈને આવી છે. આંકડાશાસ્ત્ર સાથે સ્નાતક કક્ષા સુધીનો તેણે અભ્યાસ કર્યો છે અને અત્યારે ગૃહિણી તરીકેના બધા જ અંકો તેને આપવા પડે એવી કાબેલ વધૂ એ પૂરવાર થઈ રહી છે.*

*બિન્દાનાં નણંદ એટલે કે પ્રિતીબેન માનસિક વિશિષ્ટ વ્યક્તિ છે. પ્રિતીબેનના પિતા રમણભાઈ ઠક્કર રેવન્યૂ વિભાગના નિવૃત્ત ડેપ્યુટી સૅક્રેટરી છે, જેઓ પોતાના ફરજકાળ દરમ્યાન હોમ ડિપાર્ટમેન્ટ, શિક્ષણ વિભાગ અને રાજભવન ખાતે પણ ફરજ બજાવી ચૂક્યા છે. પ્રિતીબેનના ભાઈ દેવાંગભાઈ સૉફ્ટવેર એન્જિનીયર છે અને ખાનગી કંપનીમાં જૉબ કરી રહ્યા છે.*

*પ્રિતીબેનનાં માતુશ્રીનું અવસાન ૨૦૦૭માં થયું ત્યારે તેમના પિતાને સૌથી મોટી ચિંતા પ્રિતીબેનની જ હતી. એક તો મા વિનાની વિશિષ્ટ દીકરીને સાચવવી અને દીકરાના લગ્ન પછી આવનારી વહુ આ વિશિષ્ટ દીકરીને સાચવશે કે નહીં એની બેવડી ચિંતા. આજ-કાલની છોકરીઓને સ્વસ્થ નણંદ ઘરમાં ભારે પડતી હોય ત્યાં આ તો વિશિષ્ટ !*

*ખેર, વયસ્ક દીકરાનાં લગ્ન તો કરવાના હતા અને માનવતા ઉપરથી હજુ એમનો વિશ્વાસ ઊઠ્યો ન હતો. પિતા-પુત્ર બંનેની પસંદગી બિન્દા ઉપર ઉતરી, સામે પક્ષે બિન્દાને પણ મૂરતિયો પસંદ હતો. જોકે, પોતે કરેલા નિશ્ચય મુજબ પિતા-પુત્ર બંને પ્રામાણિક રહ્યા અને કોઈપણ નિર્ણય લેતા પહેલાં બિન્દાને પોતાના ઘરમાં રહેલાં પ્રિતીબેનની હકીક્ત જણાવી દીધી. પણ બિન્દા તો બિન્દા હતી. એણે હસતાં મોઢે ન માત્ર આ લગ્ન માટે હા ભણી પણ એટલી જ નિખાલસતાથી પ્રિતીબેનની જવાબદારી ઊઠાવી લેવાની હૈયાધારણ પણ આપી.*

*'અને ખરેખર ચાર વર્ષમાં બિન્દાએ એ કરી પણ બતાવ્યું. અમે જે ૨૮ વર્ષોમાં ન કરી શક્યા એ બિન્દાએ માત્ર ૪ વર્ષમાં કરી બતાવ્યું; એના જ પ્રતાપે આજે પ્રિતી પોતાનાં સઘળાં કામ જાતે કરી શકે છે. એટલું જ નહીં, ઘરનાં નાનાં નિયમિત કામ પણ એ કરે છે, બિન્દાને મદદ પણ કરે છે !' રમણભાઈ ગર્વથી જણાવતાં ઉમેરે છે, 'એક વખત તો મને એવો પણ વિચાર આવ્યો હતો કે દીકરાથી અલગ થઈ જવું, જેથી એનું લગ્નજીવન તો સારી રીતે ચાલે. પણ મારી સંસ્કારી વહુએ મને એવો મૉકો જ ન આપ્યો. અને હું ગર્વથી કહું છું કે એ મારી વહુ નહીં, પણ મારી દીકરી છે. અને મારી પ્રિતી માટે તો એ ભાભી, બહેન, માતા, બહેનપણી, શિક્ષક, ગાઈડ, માર્ગદર્શક - સર્વસ્વ છે. ખરેખર કહું છું, બિન્દા જેવી એક દીકરી દરેક ઘરમાં હોવી જોઈએ, જેનાથી સાસરિયાઓ સચવાઈ જાય અને પિયરીયાઓનેય ગર્વ થાય !'*

*બિન્દાના પતિ દેવાંગભાઈ બિન્દા માટે કૉમ્પ્યુટરના ઝીપ ફાઈલ ફોર્મેટની ભાષામાં ઓછા શબ્દોમાંય ઘણું કહી જાય છે, 'બિન્દાએ મને અહેસાસ કરાવ્યો છે કે અર્ધાંગિની આને કહેવાય, જીવનસાથી આને કહેવાય !'*

*અલબત્ત, બિન્દાને પોતાની કોઈ મોટાઈ નથી, એ તો આ બધી જ બાબતોને ગૃહિણીની જવાબદારી ગણે છે. એ જણાવે છે, 'હું પરણીને આ ઘરમાં આવી ત્યારથી જ મને ખબર હતી કે મારા માથે પ્રિતીબેનની વિશેષ જવાબદારી છે. હું માનસિક રીતે એ માટે તૈયાર જ હતી. પોતાની જાતનાં કામ માટે તો એમને તૈયાર કરી જ નાખું એવું મેં નક્કી કર્યું જ હતું અને એ માટે પ્રયત્નો પણ કર્યા. જોકે, એ ઘણું કપરું હતું અને મારે ક્યારેક એમને ઠપકો આપવા જેવાં પગલાં પણ લેવાં પડ્યાં. પણ આખરે તો એ બાળક ! પ્રેમથી ને હૂંફથી કામ લીધું તો થઈ ગયું. આજે એ પોતાનું તો ઠીક, પણ ઘરનુંય ઘણું કામ જાતે કરી લે છે. હું તો માનું છું કે આવા વિશિષ્ટ વ્યક્તિઓને ઘરમાં પૂરી રાખવાની કે શરમના માર્યા લોકોની નજરથી દૂર રાખવાની જરૂર નથી. એમની સાથે અન્ય સામાન્ય વ્યક્તિઓની માફક જ વ્યવહાર કરવો જોઈએ. અમે તો પ્રિતીબેન સાથે એવો જ વ્યવહાર રાખીએ છીએ. એમને ફરવા કે લગ્નપ્રસંગે પણ ઘરના બાળકની જેમ સાથે જ લઈ જઈએ છીએ, જેના કારણે એમનેય સમાજમાં રહેવાની ટેવ પડી છે અને એ પણ હવે સામાન્ય વ્યક્તિની જેમ જ બધા સાથે વર્તે છે.'*

*'પ્રિતીબેન સૉફ્ટબૉલ અનો બોચીની ગેમમાં ડિસ્ટ્રીક્ટ ચૅમ્પિયન છે અને જી ઈ ક્લબ દ્વારા દર વર્ષે યોજાતા 'બાળુડાના ગરબા' કાર્યક્રમમાં મૉજથી ગરબે પણ ઝૂમે છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલ, એમાં જેઠાલાલનું પાત્ર અને સિંઘમ ફિલ્મ પણ એમને ગમે. ઉપમા, ઢોંસા, પાણીપુરી એમને બહુ ભાવે છે ને હું ઘરમાં જ એમને આ બધું બનાવી આપું છું.'*

*પ્રિતીબેન વિશે વાત કરતાં આ સંવેદનશીલ દીકરીના અવાજમાં મમતા ઊભરાઈ આવે છે, 'આ તો કુદરતની મશ્કરી છે, એમાં પ્રિતીબેનનો શું વાંક ? આમ તો હું એમના કરતાં નાની છું, પણ મારી ભૂમિકા એમની મોટી બહેન તરીકેની છે. કારણ કે એ તો બાળક છે ને ! એમને સાચવું છું કે એમના માટે હું કંઈ કરી રહી છું એવું કશું નથી, હું તો મારી ફરજ અદા કરી રહી છું. હા, આજે પ્રિતીબેનને જે કક્ષાએ તૈયાર કરી શકી છું એમાં મારા પતિ અને સસરાએ મને સંપૂર્ણ સાથ આપ્યો છે એ હું સ્વીકારું છું. મારા ઉપર એમણે પૂર્ણ ભરોસો મૂક્યો છે ને મને પૂરી છૂટ આપી છે જે કારણે હું પ્રિતીબેનને સારી તાલીમ આપી શકી છું.'*

*દીકરી વ્હાલનો દરિયો સાંભળ્યું હતું, પણ એ વહુ બન્યા પછીય સ્નેહનો સાગર બની રહે એવું અહીં અનુભવાયું ! સલામ છે આ સ્નેહના સાગરને ને એના સંસ્કારોને !*